# પ્રસાર ભારતી
# સમાચાર વિભાગ, આકાશવાણી,
# અમદાવાદ

**Date : 18-08-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# SHRAVAN CHHELO SOMVAR

**પવિત્ર શ્રાવણ માસના છેલ્લા સોમવારે આજે રાજ્યભરના શિવ મંદિરોમાં સવારથી ભક્તોની ભીડ જોવા મળી રહી છે.**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ આજે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં શીશ ઝૂકાવ્યું. તેમણે શ્રી સોમનાથ ટ્રસ્ટના દૈનિક લાડુ પ્રસાદ વિતરણનો આરંભ કરાવ્યો. ટ્રસ્ટ દ્વારા આગામી એક વર્ષમાં ગીરસોમનાથમાં સાત લાખ લાડુનું વિતરણ કરાશે. જ્યારે અંદાજે એક કરોડ રૂપિયાના ખર્ચથી લાડુ પ્રસાદ રૂપમાં 28 ટન પોષણયુક્ત આહાર બાળકોને વિતરણ કરાશે. દરેક લાડુંનું પેકિંગ પર્યાવરણને અનુરૂપ સામગ્રીથી કરાયું છે.

છોટી કાશીથી પ્રસિદ્ધ જામનગરમાં અંદાજે 350થી વધુ શિવ મંદિરોમાં ભક્તો વિવિધ પ્રકારે ભોળાનાથને રિઝવવા શિવલિંગ પર અબીલ ગૂલાલ, દૂધ, પંચામૃત, બિલિપત્ર વગેરેનો અભિષેક કરી રહ્યાં છે. આજે ભગવાનને વિશેષ પ્રકારના વાઘાઓનો શણગાર પણ કરાયો છે. ઉપરાંત શહેરના અનેક મંદિરમાં આજે મહાઆરતી અને મહાપ્રસાદનું પણ આયોજન કરાયું છે.

. . . . . . . . . . .

# GRIMCO TRAINING

છેલ્લા પાંચ વર્ષમાં લેધર-રેકઝીન ચીજવસ્તુ બનાવવા કુલ 2 હજારથી વધુ લાભાર્થીઓ તાલીમ આપવામાં આવી છે. સત્તાવાર યાદીમાં

જણાવ્યા પ્રમાણે ગુજરાત ગ્રામીણ ઉદ્યોગ માર્કેટિંગ કોર્પોરેશન લિમિટેડ-ગ્રિમકો દ્વારા 6 કરોડ 55 લાખ રૂપિયા કરતાં વધુના ખર્ચે વિવિધ સ્થળોએ 73 જેટલા તાલીમ વર્ગોનું આયોજન કરાયું, જેમાં લેધર અને રેકઝીન ચીજવસ્તુ બનાવવા 2 હજાર 23 લાભાર્થીઓને કૌશલ્યબદ્ધ કરવામાં આવ્યા.

ઉલ્લેખનીય છે કે ગ્રિમકો દ્વારા તાલીમાર્થીઓ પર ભારણ ન પડે તે હેતુથી ત્રિમાસિક તાલીમ દરમિયાન કાચો માલ-સામાન, બેનર્સ અને સ્ટેશનરી કિટ પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત 90 ટકા હાજરી ધરાવતાં તાલીમાર્થીઓને પ્રતિ માસ 2 હજાર 500 લેખે કુલ 7 હજાર 500 રૂપિયા ભથ્થું, પ્રમાણપત્ર અને સરકારની મંજૂરી બાદ સિલાઇ મશીન પણ આપવામાં આવે છે.

. . . . . . . . . . .

# ARVALLI SATURATION

રાજ્યકક્ષાના અન્ન નાગરિક પુરવઠા મંત્રી ભીખુસિંહ પરમારે આજે અરવલ્લી જિલ્લામાં લક્ષ્યાંકિત સંતૃપ્તિ અભિયાનનો પ્રારંભ કરાવ્યો. સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ લોકો સુધી પહોંચાડવાના આ વિશેષ અભિયાનમાં પાત્રતા ધરાવતા લાભાર્થીઓનું સર્વેક્ષણ કરીને, સરકારી યોજનાનો લાભ લોકો સુધી પહોંચાડાશે. આ અંગે જિલ્લા કલેક્ટર પ્રશસ્તિ પારિકે વધુ માહિતી આપી.

(બાઈટ : પ્રશસ્તિ પારિક, કલેક્ટર, અરવલ્લી)

. . . . . . . . . . .

# NAVSARI INJURED

નવસારીના બિલિમોરામાં સોમનાથ મેળામાં ગઈકાલે એક રાઈડ તૂટી પડતાં પાંચ લોકો ઇજાગ્રસ્ત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે, ગઈકાલે મોડી સાંજે 52 ફૂટ ઊંચી ટાવર રાઈડમાં ખામી સર્જાતા તે તૂટી પડતાં બે મહિલા, બે બાળક અને રાઈડના સંચાલકને ઈજા થઈ હતી. તમામ ઇજાગ્રસ્તોને ઈજાગ્રસ્તોને હૉસ્પિટલ ખસેડાયા છે.

. . . . . . . . . . .

# WEATHER OVERALL

હવામાન વિભાગે આગામી 23 તારીખ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. ત્યારે આજે પોરબંદર, જુનાગઢ, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં અતિભારે વરસાદની શક્યતા છે. તો માછીમારોને આગામી 21 ઑગસ્ટ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

રાજ્યમાં ફરી એક વાર વરસાદનું જોર વધતાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 69 ટકા જેટલો વરસાદ નોંધાયો છે. દરમિયાન સૌથી વધુ 72 ટકા જેટલો વરસાદ દક્ષિણ ગુજરાતમાં થયો છે. સાર્વત્રિક વરસાદના કારણે રાજ્યના 207માંથી 76 બંધ 70થી 100 ટકા ભરાઈ

ગયા છે. બીજી તરફ, રાજ્યમાં 87 ટકાથી વધુ વિસ્તારમાં ચોમાસું—ખરીફ વાવેતર પૂર્ણ થયું છે.

ઉપરવાસમાં ભારે વરસાદ વધતાં ફરી સુરતનો કૉઝ—વે બંધ કરાયો છે. જોકે, ગત મંગળવારે કૉઝ-વેના દરવાજા ખોલી વાહન વ્યવહાર પૂર્વવત્ કરાયો હતો, પરંતુ તેનું જળસ્તર વધતાં આજે તેને ફરી અનિશ્ચિત સમય સુધી બંધ કરાયો છે.

. . . . . . . . . . .

# MEHSANA LOK ADALAT

મહેસાણા જિલ્લા અને તાલુકા કક્ષાએ તમામ અદાલતોમાં આગામી 13 સપ્ટેમ્બરે લોક અદાલત યોજાશે, જેમાં સમાધાન, ફોજદારી કેસ, મોટર અકસ્માત દાવા, ચેક રિટર્ન, ભરણ પોષણ, કૌટુંબિક, જમીન વળતર, મજૂર કાયદાને લગતા કેસ સહિત અન્ય પ્રકારના સમાધાનલાયક કેસ મૂકી શકાશે. સંબંધકર્તા પોતાના પડતર કેસ લોક અદાલતમાં મૂકવા ઈચ્છુંક હોય તેમણે સંબધિત અદાલત અથવા જિલ્લા કાનૂની સેવા સતા મંડળ મહેસાણા અથવા તાલુકા કાનૂની સેવા સમિતિનો 9 સપ્ટેમ્બર સુધી સંપર્ક કરવા જણાવાયું છે.

. . . . . . . . . . .